


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૩૪ | ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૫, મંગળવાર ; મહા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સંત સરોવર યોજના ઓગસ્ટમાં કાર્યરત થશે

## ૪૩૪ મીટરની લંબાઈ ધરાવતી યોજનાનું સિવિલ કામ પૂર્ણ થયું : ૨૧ ગેટ પૈકી ૩ ગેટ લગાડી દેવાયા : ૧૮ ગેટ માટેની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં પાણીની સમસ્યાના કાયમી નિરાકરણ માટે સંત સરોવર બેરેજ યોજનાનું સિવીલ વર્ક





પૂર્ણ થઈ ગયું છે તેમજ આ યોજનાના ૨૧ ગેટ પૈકી ત્રણ ગેટ લગાવવાનું કામ પણ પૂર્ણ થઈ ગયું છે. ઓગસ્ટ-૨૦૧૫માં આ સરોવરનું લોકાર્પણ થાય તેવા અંદાજો છે.

ગાંધીનગર શહેરમાં પાણીની સમસ્યાના ઉકેલ માટે વિતરણની પાઈપલાઈનોના સુદઢીકરણ બાદ નવી બે ટાંકીઓ અને એક સંપનું નિર્માણ કાર્ય સંપન્ન થઈ ગયું છે. હવે ત્રીજા તબક્કામાં સંત સરોવર બેરેજ યોજનાનું કામ પણ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુક્યું છે.

૪૩૪ મીટરની લંબાઈ ધરાવતા આ ડેમનું સિવીલ વર્ક ૨૧-૯-૨૦૧૨ના રોજ આરંભાયુ હતુ. આમ તો સંત સરોવર પહેલા બનાવાયુ હતુ પરંતુ સાબરમતીમાં આવેલ પૂરમાં તે ધોવાઈ જવા પામ્યું હતું. આ પછી રાજ્યના સિંચાઈ વિભાગે આ ડેમ નવેસરથી બનાવવા માટે જમીન સહિતના વિવિધ પાસાંઓનો અભ્યાસ કરી નવી ડિઝાઈન તૈયાર કરી હતી.

આ નવા ડેમનું સિવીલ વર્ક માત્ર બે વર્ષના ટુંકા ગાળામાં સંપન્ન કરી દેવામાં આવ્યું છે. એક્સો નવ કરોડ જેટલી માતબર રકમના ખર્ચે આ સિવીલ વર્ક પૂર્ણ કરી દેવાયું છે અને તેના પર ગેટ બેસાડવાની કામગીરીનું ટેન્ડર પણ જારી થઈ ચુક્યું છે અને તેની એજન્સી ફિક્સ થઈ જતાં જ તે કામગીરી પણ ચારેક માસમાં પૂર્ણ કરી દેવાય તેવુ આયોજન છે.

અત્યંત આધુનિક ડિઝાઈનના ગેટ માટેનું ટેન્ડર ૧૮ કરોડની આસપાસનું છે. ત્રણ ગેટ તો લગાવી દેવામાં આવ્યા છે.

સાબરમતી નદી પર ધરોઈ બંધ પછી લાકરોડા વિયર અને વાસણા બેરેજની યોજના પછીની આ ત્રીજી આડબંધની યોજના છે. આ યોજનાને સુજલામ સુફલામ યોજના અંતર્ગત હાથ ધરવામાં આવી હતી.

આ યોજના બહુવિધ યોજના પણ હવે બની ચુકી છે. અત્યંત આધુનિક ડિઝાઈન સાથેની આ યોજનામાં કિનારાઓનું ધોવાણ ના થાય તે માટે ઉપરવાસમાં ૪૫૦ મીટરની લંબાઈમાં બન્ને કાંઠે ગેબીયન પીચીંગ પ્રોટેકક્ષન વર્ક કરાયું છે તેમજ યોજનાના નીચાણવાળા વિસ્તારમાં ૧૬૦ મીટર સુધી આવુ કામ કરવામાં આવ્યું છે.

આ સરોવરની સંગ્રહ શક્તિ પણ ૪૦૦ મિલિયન ઘનફુટ પાણીની આંકવામાં આવી છે. તેમજ ૭.૨૫ લાખ ક્યુસેક પાણી છોડી શકાય તે રીતે તેના ગેટની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.

અમદાવાદની રણજીત બિલ્કોમ દ્વારા સિવીલ વર્કનું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. સપ્ટે. ૨૦૧૪માં આ કામ પૂર્ણ થઈ જતાં પ્રાયોગિક ધોરણે તેના પર ત્રણ દરવાજા નંબર ૭, ૮ અને ૯ ફીટ કરવામાં આવ્યા છે.

આ બેરેજના દરવાજા ૬૦X૧૬ ફૂટના છે. જે જનરેટર અને

● અનુસંધાન પાન-૭ પર

## શાહપુર બ્રીજથી ગિફટસીટી સુધી રિવરફ્રન્ટ ડેવલપ કરાશે

શાહપુર બ્રીજથી ગિફટસીટી સુધીના વિસ્તારનો રિવર ફ્રન્ટ ડેવલપ કરવામાં આવશે. આ માટે કન્સલટન્સીની નિયુક્તી પણ કરી દેવામાં આવી છે. આ કામ બે વર્ષમાં કરી દેવામાં આવે તેવું આયોજન છે.

ગાંધીનગરના ગોંદરે ઈન્દ્રોડા નજીક બનાવાયેલ સંત સરોવર યોજનાને આકર્ષક પ્રવાસધામ તરીકે પ્રસ્થાપિત કરવાનું આયોજન છે. અમદાવાદમાં રિવરફ્રન્ટ ડેવલપ કરાયા બાદ હવે ગાંધીનગરમાં પણ રિવરફ્રન્ટ ડેવલપ કરાશે.

ગિફ્ટ સીટી એ સ્માર્ટ સીટીનો દરજ્જો મળે અને અહિયાં આવનારા લોકોને ફરવા માટેનું સુંદર સ્થળ મળી રહે તે બાબતને અગ્રતા આપવામાં આવી છે.

## સંત સરોવરમાં નર્મદાનું પાણી પાઈપલાઈનથી લાવવાનું આયોજન

### નદીઓના જોડાણ સાથે વોટરગ્રીડ બનાવાશે

ગાંધીનગરના ગોંદરે ઈન્દ્રોડા નજીક આકાર પામેલ સંત સરોવર બેરેજ યોજનામાં નર્મદા કેનાલનું પાણી નાખવામાં આવનાર છે.

સાબરમતી નદીમાં ૨૦ કિ.મી. સુધી પાણી રહે તે રીતે કેનાલનું પાણી ભરવામાં આવનાર છે. ચોમાસાના પાણીની આવક થતાં આ પાણી ખાલી કરાશે.

નર્મદા કેનાલના પાણીથી ભરવા માટે પાઈપલાઈન અલગથી નાખવામાં આવશે. આ માટેની ડિઝાઈન અને નેટવર્ક તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ માટેનું ટેન્ડર પણ આગામી નાણાંકીય વર્ષમાં આખરી કરી જારી કરવામાં આવશે.

સંત સરોવર યોજનાનું કામ અત્યંત ઝડપથી પૂર્ણ કરવાની દિશામાં કામગીરી ચાલી રહી છે. આ માટે જરૂરી નાણાંકીય આયોજન પણ તૈયાર કરી દેવામાં આવ્યું છે. નદીઓના જોડાણ સાથે વોટરગ્રીડનું સ્વપ્ન પણ સાકાર થશે.

# શહેર-જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ સાત કેસ

### સ્વાઈન ફ્લુએ શહેરમાં પગપેસારો કર્યો : સેક્ટર-૬, સેક્ટર-૮, સેક્ટર-૧૭, સેક્ટર-૧૯માંથી એક-એક કેસ મળ્યા : ઈટાદરા, છાલા, રાંધેજામાંથી એક-એક કેસ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સ્વાઈન ફલુએ પોતાનો પગપેસારો કર્યો છે. શહેરના સેક્ટર-૬, સેક્ટર-૮, સેક્ટર-૧૭ અને સેક્ટર-૧૯માંથી આજે સ્વાઈન ફલુના એક એક કેસ મળી આવ્યા છે. આ સાથે સ્વાઈન ફલુના કુલ દર્દીઓની સંખ્યા ૫૩ પર પહોંચી છે.

સ્વાઈન ફલુની ભયાનકતા ધીમે ધીમે વધતી જાય છે. ગાંધીનગરમાં અત્યાર સુધી ગ્રામ્ય વિસ્તાર સુધી સિમિત રહેલા સ્વાઈન ફલુએ શહેરી વિસ્તારમાં પગપેસારો કર્યો છે. ગાંધીનગરના શહેરી વિસ્તારના ચાર સહિત આજે જિલ્લામાંથી કુલ નવા ૭ કેસ સ્વાઈન ફલુના મળી આવતા આરોગ્ય તંત્ર ચિંતિત બન્યું છે.

સ્વાઈન ફલુની સ્થિતિ ગંભીર બનતા સિવિલ હોસ્પિટલમાં તેના માટે ખાસ અલાયદી ઓપીડી શરૂ કરવામાં આવી છે. તેમાં આજે સાત નવા સ્વાઈન ફલુના કેસ મળી આવ્યા છે. જે પૈકી ચાર શહેરી અને ત્રણ ગ્રામ્ય વિસ્તારના છે. શહેરના સેક્ટર-૬, સેક્ટર-૮, સેક્ટર-૧૭ અને સેક્ટર-૧૯માંથી સ્વાઈન ફલુના નવા કેસ મળી આવ્યા છે. તો ગ્રામ્ય વિસ્તારના ઈટાદરા, છાલા અને રાંધેજામાંથી પણ એક એક નવા કેસ મળી આવ્યા છે. આ સાથે ગાંધીનગરમાં સ્વાઈન ફલુના કુલ ૫૩ કેસ અત્યાર સુધી મળી આવ્યા છે. હાલમાં ૨૫ દર્દીઓ સિવિલના આઈસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ છે. જ્યારે ૪ દર્દીઓ આજે સંપૂર્ણ સાજા થતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. અત્યાર સુધી સ્વાઈન ફલુના કારણે ૭ વ્યક્તિઓના મોત નિપજ્યા છે.

## સિવિલ ખાતે સ્વાઈન ફલુની સારવાર અર્થે સઘન વ્યવસ્થા

### ત્રણ આઈસોલેશન વોર્ડ કાર્યરત કરાયા

### રાઉન્ડ ધ ક્લોક ડોક્ટરોની ટીમ ખડેપગે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુ નામના રોગને નિયંત્રિત કરવા અને અટકાવવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર સિવીલ હોસપિટલ ખાતે ચોવીસ કલાક ડૉકટરો અને અન્ય મેડીકલ સ્ટાફ ખડેપગે કામ કરી રહ્યો છે. તેમજ અલગ ઓ.પી.ડીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા સહિત રાજયમાં સ્વાઇન ફ્લુના રોગના દર્દીઓ સારવાર હેઠળ છે. આ રોગના દર્દીઓને ખૂબ જ ત્વરિત સારંવાર મળી રહે તે માટે ગાંધીનગર જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા રાજય સરકારના આરોગ્ય વિભાગની સૂચના મુજબ સુચારું વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વાઈન ફ્લુના દર્દીઓને યોગ્ય અને ઝડપી સારંવાર મળી રહે તે માટે ૧૯ એમ.ડી. ફિઝીશીયન, ૧૯ એમ.બી.બી.એસ ડૉકટર અને નર્સ સહિતનો મેડીકલ સ્ટાફ રાઉન્ડ ધી કલોક ફરજ બજાવી રહ્યો છે. સ્વાઇન ફ્લુ માટે રચવામાં આવેલી તમામ ટીમની કામગીરીની દેખરેખ રાખવા માટે ડૉ. દિનકર ગોસ્વામીની નોડલ ઓફિસર તરીકે નિમણુંક કરવામાં આવી છે.

ગાંધીનગર સિવીલ હોસપિટલ ખાતે સ્વાઇન ફ્લુના દર્દીઓની સારંવાર માટે ૩ આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં ૫૧ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.


**પેટ્રોલ પંપ માટે માણસો જોઈએ છે**

પેટ્રોલ પંપના જાણકાર, અનુભવી માણસોની તાત્કાલિક જરૂર છે

**વિધિ પેટ્રોલિયમ**

ઘ-૨ પેટ્રોલ પંપ, સેક્ટર-૬, અપના બજાર પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૪૧૯૨૮

૬૧ વર્ષમાં મંગલ પ્રવેશ | મહાશિવરાત્રીના પવિત્ર દિવસે

અમો, સૌ પ્રવાસીઓ, મિત્રો અને કર્મચારીઓનો આભાર માનીએ છીએ....

કપલ ટુર | ફેમીલી ટુર | સ્વતંત્ર ટુર | કોર્પોરેટ ટુર

- કાશ્મીર-લડાખ • હિમાચલ • ચારધામ • નેપાળ • ઉત્તરાંચલ • સાઉથ • ગોવા • કેરાલા • ગંગાસાગર-ચંપારણ્ય-પુરી
- AC/Non AC લકઝરી બસ ભાડે મેળવવા • એક અને વધુ દિવસના પ્રવાસો • એર ટિકિટ • સ્ટુડન્ટ ઈમીગ્રેશન

**નવભારત ટ્રાવેલ્સ**

ગણેશ પ્લાઝા, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૯ Ph:4020 8020 (100 Lines), 98258 04077/79

**શત્ શત્ વંદન**





નયા ગુજરાતના શિલ્પી

**સ્વ. શ્રી ચીમનભાઈ પટેલની**

**૨૧મી પૂણ્યતિથિએ શત્ શત્ વંદન**

**નરેન્દ્રભાઈ એમ. શાહ**

(ડિરેક્ટર, ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક)
ચેરમેન, પેન્શનર સેલ, ગુજરાત પ્રદેશ
કોંગ્રેસ સેલ, અમદાવાદ

**પ્રાર્થના સભા**

તા. ૧૭-૨-૨૦૧૫, મંગળવાર
સવારે ૮-૩૦ થી ૯-૩૦ કલાકે
નર્મદા ઘાટ, ગાંધીનગર

ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂ. ૧૫૧/- પ્રતિ ગ્રામ
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/- માં

(શેરથાવાળા) **N.C. Zaveri**
Gold, Jadtar, Antique, Real Diamond & Silver

૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

**૧ થી ૩૦ સેક્ટર માટે**
**LED TV, LCD TV, Colour TV**
**રીપેરીંગ માટે ફોન કરો**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬





Your DREAM BUSINESS deserves a DREAM LOCATION

શિવાલય Shops & Offices

Project by S. R. INFRASTRUCTURE

The perfect business environment with pleasing variations...





Shops & Offices space ranging in size from 400 sq. ft. to 1800 sq. ft.

Perfect union of retail, office spaces & recreation

Flexible plan

Retail space with maximum visibility

Best investment, Best location

Site
Reliance-Infocity Road, Nr. Pramukh Arcade,
Opp. Kanam Residency, Kudasan, Gandhinagar

Exclusively Marketed by
tps The Property Shop
Call Alpesh Patel
97236 71067
www.thepropertyshop.in